# સર્વાઇકલ સ્ક્રીનિંગ માટે હવે નમૂનાનું સ્વ-સંકલન એક વિકલ્પ છે.

સર્વાઇકલ (ગર્ભાશયનાં મુખનું) કેન્સરથી પોતાને બચાવો.

તે કરવું સરળ છે!




Cancer Council SA

જો તમારા સર્વાઇકલ સ્ક્રીનિંગ પરીક્ષણનો સમય થઇ ગયો હોય તો, હવે તમે સ્વોબથી જાતે જ પોતાના યોનિમાર્ગનો નમૂનો લઇ શકો છો. આ સ્વોબનું હ્યુમન પેપિલોમાવાયરસ (એચપીવી) માટે પરીક્ષણ કરવામાં આવશે. એચપીવી શોધવું એ સર્વાઇકલ કેન્સર સામે તમારું શ્રેષ્ઠ રક્ષણ છે.

**તમારા જીપી અથવા નર્સને સ્વ-સંકલન માટે પુછો.**

## ચાર સરળ પગલાંમાં પરીક્ષણ કેવી રીતે કરવું:

**પગલું ૧**



- લાલ ઢાંકણું ગોળ ફેરવીને સ્વોબ બહાર ખેંચો.
- સ્વોબ જુઓ અને લાલ નિશાનની નોંધ લો.

**પગલું ૨**



- અનુકૂળ સ્થિતિમાં આવી જાઓ.
- સ્વોબ તમારા યોનિમાર્ગમાં દાખલ કરો, લાલ નિશાની સુધી અંદર નાંખવાનો ધ્યેય રાખો.

**પગલું ૩**



- હળવેથી સ્વોબને એકથી ત્રણ વાર ગોળ ફેરવો.

**પગલું ૪**



- સ્વોબ કાઢીને પાછો નળીમાં મુકી દો.
- તમારા જીપી, નર્સ અથવા સ્વાસ્થ્ય કર્મચારીને તે પાછો આપી દો. તમારા પરિણામ માટે દવાખાનાનો બે અઠવાડિયામાં સંપર્ક કરો.

# જો તમે ૨૫-૭૪ વર્ષના છો, અને ક્યારેય પણ જાતીય રીતે સક્રિય રહ્યા હોવ તો, દર પાંચ વર્ષે સર્વાઇકલ સ્ક્રીનિંગ પરીક્ષણ કરાવો.

સ્વ-સંકલન કરેલ નમૂના, એક જીપી કે નર્સ દ્વારા લેવામાં આવ્યા જેટલાં જ સચોટ છે.

તમે જીપીના દવાખાનામાં, સામાન્ય રીતે ગોપનીયતા પડદાની પાછળ અથવા બાથરૂમમાં, તમારો પોતાનો નમૂનો લઇ શકો છો. પરીક્ષણ નિ:શુલ્ક, સરળ અને વિશ્વસનીય છે.

માહિતી અને સહાય માટે
**કેન્સર કાઉન્સિલને ૧૩ ૧૧ ૨૦ પર ફોન કરો**

મુલાકાત લો **cancersa.org.au**

Gujarati | ગુજરાતી

Cancer Council SA